પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૨૯ | ૧૯ જુલાઈ, ૨૦૧૭, બુધવાર ; અષાઢ વદ - ૧૦/૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### સ્મૃતિ ઈરાનીને માહિતી અને પ્રસારણનો વધારાનો હવાલો

ઉપરાષ્ટ્રપતિ પદે ઉમેદવારી કરતાં કેબીનેટમાંથી રાજીનામુ આપનાર વૈંકયા નાયડુના માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો સ્મૃતિ ઈરાનીને સોંપવામાં આવ્યો છે. જ્યારે શહેરી વિકાસ વિભાગનો હવાલો નરેન્દ્રસિંહ તોમરને સોંપવામાં આવ્યો છે.

### બીજેડી ગોપાલકૃષ્ણ ગાંધીને ટેકો આપશે

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ઓરિસ્સાના શાસક પક્ષ બીજેડીએ યુપીએના ઉમેદવાર ગોપાલકૃષ્ણ ગાંધીને ટેકો આપવાનું જાહેર કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ પદ માટે એનડીએના કોવિંદને બીજેડીએ ટેકા આપ્યો છે.

### પોક માટે વીઝા નહી જોઈએ

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં જવા માટે વીઝાની જરૂરીયાત નથી એમ વિદેશમંત્રી સુષમા સ્વરાજે જણાવ્યું હતું.

### ઝાકીર નાયકનો પાસપોર્ટ રદ કરાયો

વિવાદાસ્પદ ધર્મ પ્રચારક ઝાકીરનો પાસપોર્ટ વિદેશ મંત્રાલયે રદ કરાયાની જાહેરાત કરી છે. જોકે એના પ્રત્યાઘાત ઉગ્ર પડે તેવા એંધાણ વર્તાય છે.

# આધાર કેસમાં નવ જજની બેંચ દ્વારા સુનાવણી

**આજે નવ જજની બેંચ સુનાવણી કરશે : રાઇટ ટુ પ્રાઈવસી બંધારણ હેઠળ મૂળભૂત અધિકાર તરીકે છે કે કેમ તે મામલામાં બંધારણીય બેંચ સુનાવણી કરશે**

નવીદિલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટની નવ જજની બંધારણીય બેંચ દ્વારા આધાર કેસના સંદર્ભમાં નિર્ણય કરવામાં આવશે. સીજેઆઈ આનુ નેતૃત્વ કરશે. રાઈટ ટુ પ્રીવેશી એટલે કે અંગતતાના અધિકાર બંધારણ હેઠળ મૂળભૂત અધિકારમાં આવે છે કે કેમ તે અંગે નવ જજની બંધારણીય બેંચ દ્વારા નિર્ણય લેવામાંઆવશે. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે આ મામલો નવ જજની બેંચને રિફર કરવાનો નિર્ણય કર્યોછે. ચીફ જસ્ટિસ જેએસ ખેહરના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચે કહ્યું છે કે, આ મામલાને હવે નવ જજની બંધારણીય બેંચમાં સાંભળવામાં આવશે અને તે આ મામલામાં પહેલા આપવામાં આવેલા બે ચુકાદામાં પણ અભ્યાસ કરશે. એટર્ની જનરલ એકે વેણુગોપાલે કહ્યું હતું કે, ખડકસિંહ અને એનપી શર્મા સાથેસંબંધિત મામલામાં સુપ્રીમ કોર્ટની બે જુદી જુદી બેંચે કહ્યું છે કે, રાઈટ ટુ પ્રીવેશી મૂળભૂત અધિકાર નથી.

૧૯૫૦માં આઠ જજની બંધારણીય બેંચે એનપી શર્મા સાથેસંબંધિત મામલામાં કહ્યું હતું કે, રાઈટ ટુ પ્રીવેશી મૌલિક અધિકાર નથી જ્યારે ૧૯૬૧માં ખડકસિંહ સાથે સંબંધિત મામલામાં સુપ્રીમ કોર્ટની છ જજની બેંચે કહ્યું હતું કે, રાઈટ ટુ પ્રીવેશીનો મૌલિક અધિકારની હદમાં ગણી શકાય નહીં. આધાર માટે એકત્રિત કરવામાં આવી રહેલા ડેટા રાઉટ ટુ પ્રીવેશીનો ભંગ કરે છે કે કેમ તે મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેંચ સામે પ્રશ્ન આવ્યો હતો કે, રાઈટ ટુ પ્રીવેશી મૂળભૂત અધિકાર છે કે કેમ. પહેલા એ નક્કી કરવામાં આવશે કે રાઈટ ટુ પ્રીવેશી બંધારણના મૂળભૂત અધિકાર હેઠળ આવે છે કે કેમ. આ મામલે સુપ્રીમ કોર્ટની નવ જજની બેંચ સુનાવણી કરશે. નવ જજની બેંચ સમગ્ર મામલામાં બુધવારના દિવસે સુનાવણી હાથ ધરશે. કેન્દ્ર સરકાર તરફથી એટર્ની જનરલે પહેલાના ચુકાદાનો ઉલ્લેખ પણ કર્યો હતો.

# વેંકૈયા નાયડુની નવી ઈનીંગ

**નરેન્દ્ર મોદી, અમિત શાહ, સુષ્મા સ્વરાજ અને જેટલીની ઉપસ્થિતિમાં વેંકૈયા નાયડુએ ઉમેદવારી પત્રો દાખલ કર્યા : પાંચ ઓગસ્ટના દિવસે ચૂંટણી યોજાશે**

નવી દિલ્હી,તા. ૧૮

ભાજપના વરિષ્ઠ નેતા અને એનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના



ઉમેદવાર વેંકૈયા નાયડુએ આજે ઉમેદવારી પત્રો દાખલ કર્યા હતા. આની સાથે જ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેનો તખ્તો પણ હવે ગોઠવાઈ ગયો છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પાંચમી ઓગસ્ટના દિવસે યોજાનાર છે અને આ ચૂંટણીમાં પણ એનડીએના ઉમેદવાર વેંકૈયા નાયડુની જીત સ્પષ્ટ દેખાઈ રહી છે. કારણ કે તમામ આંકડા એનડીએની સાથે દેખાઈ રહ્યા છે. વેંકૈયા નાયડુ અને ગોપાલકૃષ્ણ ગાંધી વચ્ચે સીધી સ્પર્ધા થનાર છે. જો કે, બંને ગૃહોના તમામ સભ્યોને જોતા નાયડુની જીતને લઈને કો શંકા દેખાઈ રહી નથી. આજે ઉમેદવારીપત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ હતી અને હવે પાંચમી ઓગસ્ટના દિવસે ચૂંટણી યોજાશે. રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને મતદાન થઈ ચુક્યું છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદ અને યુપીએના ઉમેદવાર મીરાકુમાર વચ્ચે સીધી સ્પર્ધા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઉપ રાષ્ટ્રપતિપદ માટે ગોપાલકૃષ્ણ ગાંધીએ ઉમેદવારી પત્ર ભર્યું

**રાષ્ટ્રપતિની જેમ જ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પણ રોમાંચક બને તેવી પ્રબળ સંભાવના**



નવી દિલ્હી,તા. ૧૮

યુપીએના ઉમેદવાર ગોપાલકૃષ્ણ ગાંધીએ પણ ઉમેદવારી નોંધાવી હતી. એ વખતે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, પાર્ટીના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, જેડીયુના નેતા શરદ યાદવ,

● અનુસંધાન પાન-૭ પર

# બસપાના સુપ્રીમો માયાવતીનું રાજસભામાંથી રાજીનામુ

**બોલવાની પુરતી તક ન મળતા લાલઘૂમ થઇને માયાવતીએ રાજીનામુ આપ્યું : માયાના સમર્થનમાં વિપક્ષનું વોકઆઉટ : રાજ્યસભામાં સહારનપુર હિંસા સંદર્ભે ધાંધલધમાલ**

નવીદિલ્હી, તા. ૧૮

મોનસુન સત્રના બીજા દિવસે આજે ભારે ધાંધલ ધમાલ ધારણા પ્રમાણે જ જોવા મળી હતી. બીજા દિવસની શરૂઆત હોબાળાની સાથે થઈ હતી. બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીએ રાજ્યસભામાંથી નારાજગી વ્યક્ત કરીને આજે રાજીનામુ આપ્યુ હતુ. આની સાથે જ રાજકીય વર્તુળોમાં આની ચર્ચા જોવા મળી હતી. માયાવતીએ સવારમાં રાજ્યસભામાં સહારનપુર હિંસાનો મુદ્દો ઉઠાવીન પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો પરંતુ જ્યારે નાયબ અધ્યક્ષે માયાવતીને તેમની વાત વહેલી તકે પૂર્ણ કરવા માટે કહ્યુ ત્યારે માયાવતી લાલઘુમ થઈ ગયા હતા. જેના કારણે રાજ્યસભામાંથી રાજીનામુ આપી દેવાની ધમકી આપી હતી. અંતે રાજીનામુ આપ્યુ હતુ.

માયાવતીએ આક્ષેપ કર્યો હતો કે તેમને બોલવાની તક આપવામાં આવી રહી નથી. રાજ્યસભાનાં કાર્યવાહી શરૂ થતાની સાથે જ સાહારનપુરમાં થયેલી હિંસાનો મામલો ઉઠાવ્યો હતો. માયાવતીએ યુપી સરકાર પર પ્રહારો કરતા કહ્યુ હતુ કે દલિતો પર અત્યાચાર થઈ રહ્યો છે.

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ

**વલસાડ, નવસારી, ચીખલી અને ટંકારામાં અતિભારે વરસાદ : ટંકારામાં ફરી ૧૨ ઇંચ વરસાદથી સર્વત્ર જળબંબાકારની સ્થિતિ : વલસાડમાં ૧૧, ચીખલીમાં ૧૦, પારડીમાં ૧૧ અને નવસારીમાં ૧૧ ઇંચથી વધારે વરસાદ : શાળા-કોલેજોમાં રજા જાહેર : વાહન વ્યવહારને માઠી અસર**



અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં મેઘરાજાએ આજે અસાધારણ એવી ધમાકેદાર અને તોફાની બેટીંગ કરી નાંખી હતી. માત્ર ગણતરીના કલાકોમાં મેઘરાજાએ રાજયભરના કેટલાક વિસ્તારોમાં મેઘતાંડવ સર્જી કાઢયું. મોરબીના ટંકારાના પંથકમાં ફરી એકવાર આભ ફાટયુ હતું. માત્ર ત્રણ થી ચાર કલાકમાં ટંકારાના ૧૫ ગામોમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં લોકો ત્રાહિમામ્ પોકારી ગયો હતા. તો બીજીબાજુ, દક્ષિણ ગુજરાતમાં પણ આભ ફાટયુ હોય એમ વલસાડમાં ૧૧ ઈંચથી વધુ, નવસારીમાં ૧૧ ઈંચ, ચીખલીમાં ૧૦ ઈંચ, પારડીમાં ૧૧ ઈંચ, ગણદેવીમાં ૮ ઈંચથી વધુ, સુરત ૭ ઈંચથી વધુ, ચોર્યાસી ૭.૫ ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જાણે જળપ્રલય સર્જાયો હતો. સૌથી વધુ ખરાબ હાલત વલસાડ, નવસારી અને સુરત જિલ્લાના પંથકોની હતી કારણ કે, આ જિલ્લાઓમાં સર્વત્ર જળબંબાકાર જ નજરે પડતું. શાળા-કોલેજોમાં પણ રજા જાહેર કરી દેવાઈ હતી તો, કેટલીય એસ.ટી બસ ટ્રેનોની ટ્રીપ રદ કરાઈ હતી તો, કેટલીય ટ્રીપ પાંચથી છ કલાક મોડી પડી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈ-અમદાવાદ વચ્ચેનો રેલવે વ્યવહાર પણ ખોરવાયો

**લાંબા અંતરની ઘણી ટ્રેનો સમય કરતા મોડી પડી : રેલવ ટ્રેક ઉપર પાણી ફરી વળ્યા : સાવચેતીના તમામ પગલા**

અમદાવાદ, તા. ૧૮

ભારે વરસાદના પરિણામ સ્વરુપે અમદાવાદ અને મુંબઈ વચ્ચેનો રેલવે વ્યવહાર પણ ખોરવાઈ ગયો છે. અનેક ટ્રેનો નિર્ધારિત સમય કરતા મોડેથી દોડી રહી છે. વલસાડ અને નવસારીમાં આજે આભ ફાટતાં ઠેર-ઠેર જળપ્રલય જોવા મળ્યો હતો. સ્ટેટ હાઈવે કે અન્ય માર્ગો વરસાદી અને નદી-નાળાના પૂરના પાણીમાં ડૂબી ગયા હતા. જેને પગલે વલસાડના રૂટ પર થઈ જતી મુંબઈ-અમદાવાદ વચ્ચેનો ટ્રેનોનો વ્યવહાર ખોરવાયો હતો કારણ કે, વલસાડ પંથકના મોટાભાગના રેલ્વેના પાટા પર પાણી ફરી વળ્યા હતા. જેથી રેલ્વે તંત્રને બેંગલુરૂ-જોધપુર, દહેરાદૂન એક્સપ્રેસ, ગુજરાત એક્સપ્રેસ સહિતની પાંચ ટ્રેનો રદ કરવાની ફરજ પડી હતી. તો, વાપી-મુંબઈ, અમદાવાદ દૂરંતો, પૂણે-અમદાવાદ, ગુજરાત મેઈલ સહિતની કેટલીક ટ્રેનો પાંચથી છ કલાક તેના નિયત સમય કરતાં મોડી પડી હતી. અમદાવાદ-મુંબઈ વચ્ચેનો રેલ વ્યવહાર ખોરવાતાં હજારો મુસાફરો હાલાકીમાં મૂકાયા હતા અને તેઓના નિયત શીડ્યુલ ખોરવાઈ ગયા હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય






આપની ડીસીબી ફિક્સ્ડ ડિપોઝિટ પર આકર્ષક વળતર મેળવો.



ડીસીબી ફિક્સ્ડ ડિપોઝિટની શરૂઆતની રકમ જેટલા જ મૂલ્યનું નિઃશુલ્ક જીવન વીમા કવચ મેળવો.

ડીસીબી સુરક્ષા ફિક્સ્ડ ડિપોઝિટ શરૂ કરવા માટે ફક્ત ૭૦૯૭૨૯૯૦૪૩ પર મિસ કોલ આપો

ડીસીબી બૅન્ક
પ્લોટ નં. ૪૩૯, સેક્ટર – ૧૬
ઘ રોડ, ગાંધીનગર – ૩૮૨૦૧૬
કોલ: ૯૮૨૫૫૪૨૦૨૬ / ૯૮૨૫૯૭૪૧૦૦

DCB BANK

નિયમો અને શરતો લાગુ

DCB Bank Limited